અંધ અને વિકલાંગ કર્મચારીઓને
પરિવહન ભથ્થા અંગે.

ગુજરાત સરકાર,
નાણાં વિભાગ,
ઠરાવ નંબર-મસભ-૨૦૦૦-૭૫-ચ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ:- ૧ લી ફેબ્રુઆરી,૨૦૦૦

વંચાણે લીધા:- (૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક-પગર-૧૦૯૮-૩૬-મ,
તા.૨૦-૫-૧૯૯૮
(૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક-અપગ-૧૦૯૬-૨૭૯-છ,
તારીખ:-૧-૭-૧૯૯૮
(૩) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક-મસભ-૧૨૭૮-૮૬-જ,તા.૫-૧-૭૯

**આમુખ:-**

આમુખમાં ક્રમાંક(૧) આગળ દર્શાવેલ નાણા વિભાગના તા.૨૦-૫-૯૮ ના ઠરાવ અન્વયે સરકારી ...ીઓ અને પંચાયતના કર્મચારીઓને તા.૧-૪-૯૮ ની અસર થી પરિવહન ભથ્થું મંજુર કરવામાં આવેલ છે. આ ઠરાવની શરત નંબર ૨(૫) અનુસાર અંધ અને વિકલાંગ કર્મચારીઓને આમુખમાં ક્રમાંક(૩) આગળ દર્શાવેલ નાણા વિભાગના તા.૫-૧-૧૯૭૯ ના ઠરાવ અનુસાર અને તેમાં વખતો..ત સુધારણા મુજબ જે વાહન ભથ્થુ મળતું હતું તે બંધ કરીને અંધ અને વિકલાંગ કર્મચારીઓ કે જેઓના નિવાસસ્થાન અને કચેરી વચ્ચે એક કીલોમીટરથી વધારે અંતર હોય તો મળવાપાત્ર સામાન્ય દરથી બમણા દરે અને આવા કર્મચારીઓ કે જેઓને સરકારી રહેણાંક કચેરીથી એક કી.મી.ની ../ર અથવા ઓફીસ કેમ્પસમાં રહેણાંક ફાળવવામાં આવ્યું હોય અથવા નિવાસસ્થાન એક કી.મી.ની અંદર હોય તો એકવડા દરે(સીંગલ રેટ) પરિવહન ભથ્થું મંજુર કરવામાં આવેલ છે અને આવા કર્મચારીઓ કે જેઓને સરકારી વાહનની સવલત આપવામાં આવેલ છે, તેઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળવાપાત્ર નથી.

૨. આમુખમાં ક્રમાંક નંબર(૨)આગળ દર્શાવેલ સમાજ કલ્યાણ વિભાગના તારીખ પહેલી જુલાઇ, ૧૯૯૮ ના ઠરાવના ફકરા નંબર-૧(૧) અને(૩) અનુસાર અંધજન તથા તેની સાથે રાખવામાં આવતા સહાયકને તેમજ ૪૦ ટકા તે તેથી વધુ અપંગતા ધરાવતા વ્યકિતઓને ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં રાજયની અંદર કરવામાં આવતી મુસાફરીનો લાભ સંપૂર્ણપણે મફત મળવાપાત્ર છે. આ લાભ આવા કર્મચારીઓને પણ મળવાપાત્ર હોવાથી અને આ અંગેનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકાર ભોગવતી હોવાથી નાણા વિભાગના તારીખ-૨૦-૫-૯૮ ના ઠરાવની શરત નં.૨(૫)માં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી અને વિચારણાના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠ રા વ :-**

ઉપર આમુખમાં દર્શાવેલ હકીકતો ધ્યાનમાં લઇને નાણા વિભાગના તા.૨૦-૫-૯૮ ના ઠરાવની શરત નંબર-૨(૫)માં નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

૨. અંધ અને વિકલાંગ (Orthopaedically handicapped) કર્મચારીઓને તેમના નિવાસસ્થાન અને કામકાજના (કચેરી)ના સ્થળ વચ્ચેના અંતરને ધ્યાનમાં લીધા સિવાય આવા સર્વે કર્મચારીઓને સામાન્ય દરે (Single Rate)જ પરિવહન ભથ્થું (ટ્રાન્સપોર્ટ એલાઉન્સ) મળવાપાત્ર થશે. અર્થાત્ હાલ જેઓને બેવડા દરે ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળે છે તેઓને પણ સામાન્ય દરે જ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળવાપાત્ર થશે અને જેઓને સરકારી વાહનની સવલત આપવામાં આવેલ છે તેઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળવાપાત્ર થશે નહીં.

૩. આ હુકમો રાજય સરકારના અને પંચાયતના કર્મચારીઓને લાગુ પડશે.

૪. આ હુકમોનો અમલ તા.૧ લી ફેબ્રુઆરી ૨૦૦૦ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન.એન.મહેતા
ઉપસચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- ● માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
- ● સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
- ● સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર.
- ● સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
- ● સચિવશ્રી,ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ,ગાંધીનગર.
- ● રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- ● સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- ખાતાના વડાઓ/કચેરીના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧,ગુજરાત રાજય, અમદાવાદ./ રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ઓડીટ-૨,ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(એ. એન્ડ ઇ.)ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- સર્વે કલેકટરશ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષક.
- પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- પગાર અને હિસાબ અધિકારી, નર્મદા,વડોદરા,/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ બોર્ડ/કોર્પોરેશન /યુનિવર્સીટીઓ અને જાહેર સાહસો.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ.
- પસંદગી ફાઇલ ચ શાખા.
- //ક// વર્ગ ફાળવણી.

---

● પત્ર ધ્વારા.